"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા: 05/0૫/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________　　　　　　　　　　　　　　　　　સુરત

જાહેર નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ગુજરાતમાં હાડકાં ના દાનનો સર્વ પ્રથમ બનાવ

## સુરત, ગુજરાતમાં હાડકાં ના બેન્કની શરૂઆત

## ગામ ડુંગરી (નળધરા), તા. મહુવા ના લેઉવા પાટીદાર સમાજના બ્રેનડેડ ધનસુખભાઈ મીઠલભાઈ પટેલના પરિવારે કિડની, લીવર, ચક્ષુઓની સાથે હાડકાંનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: ધનસુખભાઈ મીઠલભાઈ પટેલ ઉ. વ. ૫૨ બ્લડ ગ્રુપ: A+ (વ્યવસાય ખેતી)

રહેવાસી: ડુંગરી (નળધરા), તા. મહુવા, જીલ્લો. સુરત

કૌટુંબિક વિગત: પત્ની: કલ્પનાબેન ધનસુખભાઈ પટેલ ઉ. વ. ૪૭

પુત્ર: કેવીન ધનસુખભાઈ પટેલ ઉ. વ. ૨૧ (ન્યૂઝીલેન્ડમાં IT નો અભ્યાસ કરે છે)

પુત્રી: ૧. હેતાંગીનીબેન પરીમલભાઈ પટેલ ઉ. વ. ૩૦

૨. હેતલબેન ગીરીશભાઈ પટેલ ઉ. વ. ૨૭

૩. મિત્તલબેન નૈનીષભાઈ પટેલ ઉ. વ. ૨૫

બનાવની વિગત:

મંગળવાર તા. ૦૩ મે, ૨૦૧૬ના રોજ ધનસુખભાઈ સવારે ૦૭.૦૦ કલાકે ખેતરમાં કસરત કરીને બાઈક ઉપર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ડુંગરી ગામની નજીક [illegible] ટ્રેક્ટર ચાલકે તેઓને ટક્કર મારતા ધનસુખભાઈ બાઈક પરથી નીચે પડી ગયા હતા અને તેઓને માથામાં ગંભીર ઈજા થતા બેભાન થઇ ગયા હતા. તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ત્યાં C.T. સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે સુરતની [illegible] મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં બપોરે ૦૨.૦૦ કલાકે દાખલ કરવામાં આવ્યા. જ્યાં ન્યુરોસર્જન ડૉ. [illegible] ક્રેનીયોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




ગુરૂવાર તા. ૫ મે, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ અને ન્યુરોફીઝીશીયન ડૉ. અનિરૂધ્ધ આપ્ટેએ ધનસુખભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના મેડીકલ એડમિનીસ્ટ્રેટર ડૉ. કેતન દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ધનસુખભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી ધનસુખભાઈનાપત્ની નયનાબેન, પુત્ર કેવીન, પુત્રીઓ હેમાંગીની, હેતલ, નીકીતા અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યુ.

ધનસુખભાઈના પત્ની નયનાબેનઅને પરીવારના સૌ સભ્યોએ જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યુ છે. અને તેનું મૃત્યુ નિશ્ચિત છે ત્યારે તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

તદ્ઉપરાંત નીલેશ માંડલેવાલાએ તેઓને હાડકાંના દાન માટે સમજાવતા જણાવ્યું હતું કે, જો તેઓ હાડકાનું પણ દાન કરશે તો આ હાડકાંઓ કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય દર્દીઓને મદદરૂપ થશે. ત્યારે પરિવારજનોએ જણાવ્યું કે લોકોની ક્વોલીટી લાઈફ મળે તે માટે શરીરના જે કોઈ પણ અંગોનું દાન થઇ શકતું હોય તે માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની અનેહાડકાંના દાન ની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએઅમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જયારે હાડકાંના દાન લેવા માટે આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીઅને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.હાડકાંઓનું દાન આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું.જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની ગાંધીનગરના રહેવાસીજમનાબેન ચૌહાણ ઉ.વ. ૪૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ગાંધીધામના રહેવાસી મનોજ ખુબચંદ આસુદાણી ઉ. વ. ૩૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યુ છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં ધનસુખભાઈના પત્ની નયનાબેન, પુત્ર કેવીન, પુત્રીઓ હેમાંગીની, હેતલ, નીકીતા અને પરિવારના અન્ય સભ્યો ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે,આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી,મેડીકલ એડમિનીસ્ટ્રેટર ડૉ. કેતન દેસાઈ,આસુતોષમલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનાસંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી. નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૪૮ કિડની, ૫૦ લીવર, ૩ પેન્ક્રીઆસ,૪ હૃદય અને ૧૨૬ ચક્ષુઓનો દાન મેળવીને ૩૩૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

3...


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

" Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ભારતમાં સૌ પ્રથમ હાડકા ની બેંક ૧૯૮૮માં ટાટા મેમોરીયલ હોસ્પીટલ મુંબઈમાં શરૂ થઇ હતી ત્યાર પછી ૧૯૯૯માં AIIMS દિલ્હીમાં અને૨૦૦૪માં ચેન્નાઈ માં શરૂ થઇ હતી.

આજે ગુજરાતમાં સૌ પ્રથમ વખત સુરતની આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં હાડકાંઓનું દાન ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં પાંસળી, જાંઘનું હાડકું અને ઘુંટણની નીચેના હાડકાંઓદાનમાં લેવામાં આવ્યા હતા.

આ હાડકાંઓ લીધા બાદ તેને સાફ કરીને -૭૦ડીગ્રી ઉપર સ્ટોર કરી તેને મુંબઈમાં આવેલ ટાટા મેમોરીયલ હોસ્પીટલમાં પ્રોસેસ કરવા માટે મોકલવામાં આવે છે. ત્યાં ગામારેયસથી તેને પ્રોસેસ કરી સ્ટરાયલ કરવામાં આવે છે. પ્રોસેસ કરેલા હાડકાંઓને ફરી આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં મંગાવવામાં આવશે.દાન માં મેળવવામાં આવેલા હાડકાંઓનો મલ્ટીપર્પસ ઉપયોગ થાય છે મોટા ફ્રેક્ચરના કેસમાં આ હાડકાં ખુબ ઉપયોગી સાબિત નીવડે છે. આ હાડકાંઓની જરૂરિયાત કેન્સરના દર્દીઓ અને હાડકાના અન્ય બીજા દર્દીઓ માટે. ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલવામાં આવે છે. આ હાડકાંઓ ને વધુમાં વધુ ૪ વર્ષ સુધી વાપરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં શરીર ખરાબ થતું નથી.

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
| --- | --- | --- | --- |
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961